પ્રથમ ભારત–કેનેડા સ્થળાંતર અને ગતિશીલતા સંવાદ બેઠક

ભારત અને કેનેડાએ આજે નવી દિલ્હીમાં ભારત–કેનેડા સ્થળાંતર અને ગતિશીલતા સંવાદની પ્રથમ બેઠક યોજી હતી. આ બેઠકની સહ-અધ્યક્ષતા વિદેશ મંત્રાલયનાં સચિવ (સીપીવી અને ઓઆઇએ) સુશ્રી શ્રીપ્રિયા રંગનાથન અને ઇમિગ્રેશન, રેફ્યુજીસ એન્ડ સિટિઝનશિપ કેનેડા (આઇઆરસીસી)ના નાયબ મંત્રી શ્રી ટેડ ગેલિવને કરી હતી. બંને દેશોનાં પ્રતિનિધિમંડળોમાં બંને સરકારોનાં સંબંધિત મંત્રાલયો અને એજન્સીઓના અધિકારીઓ શામેલ હતા.

2. બંને પક્ષોએ સંવાદ માટેની સંદર્ભ શરતો (ટર્મ્સ ઑફ રેફરન્સ) પર હસ્તાક્ષર કર્યા અને ભારત તથા કેનેડા વચ્ચેના સંબંધોને વધુ મજબૂત બનાવવામાં લોકો સૌથી મહત્ત્વનો સેતુ છે, તેવી સહિયારી માન્યતાની પુનઃપુષ્ટિ કરી. ભારતના યુવા અને કુશળ કાર્યબળ તથા કેનેડાના વસ્તી વિષયક પરિબળો અને શ્રમબજારનાં વલણો વચ્ચે સ્વાભાવિક પૂરકતા રહેલી છે, જેના કારણે સંચાલિત ગતિશીલતા વર્તમાન સમયની તાતી જરૂરિયાત બની છે. આ સંવાદ વાર્ષિક ધોરણે યોજવામાં આવશે અને સ્થળાંતર અને ગતિશીલતા અંગેના સંયુક્ત કાર્યકારી જૂથ દ્વારા સમર્થિત રહેશે.

3. ચર્ચાઓમાં વિદ્યાર્થીઓ, કુશળ કામદારો, વ્યાવસાયિકો અને વ્યાપારી મુલાકાતીઓની અવરજવર તેમજ સ્થળાંતર વ્યવસ્થાપન અંગેના સહયોગ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું.

4. બંને પક્ષો પરસ્પર અનુકૂળ હોય તેવી તારીખોએ સંવાદની આગામી બેઠક કેનેડામાં યોજવા સંમત થયા હતા.

નવી દિલ્હી

26 ઑક્ટોબર, 2026